# ગઝલ

## –ભગવતીકુમાર શર્મા

.1.

માણસમાં એક ચપટીયે સચ્ચાઈ જોઈએ,
વૈભવની વચ્ચે થોડી ફકીરાઈ જોઈએ.

છબછબીયાં શું કરો છો ઓ કાંઠા–નીવાસીઓ !
ડુબી જવું જો હોય તો ગહેરાઈ જોઈએ.

એકાદ વાર મોતને પણ છેતરી શકું,
મારે ન કોઈ એવી ચતુરાઈ જોઈએ.

ઉંડા જખમની વેદના વેઠી લીધી ઘણી,
પાંપણની સૌમ્ય ધારે ઉઝરડાઈ જોઈએ.

મારામાં સદ્–અસદ્‌ની ઘણી ભીડ થઈ ગઈ,
મારે જ મારી કરવી હરીફાઈ જોઈએ.

.2.

આ પાર જવું છે કે હજી પાર જવું છે,
નક્કી જ કરી લઈએ કે મઝધાર જવું છે.

છે વીજકડાકા અને ઘનઘોર ઘટાઓ;
કીન્તુ જો જવું છે તો ધુંવાધાર જવું છે.

કુર્નીશ ન બજાવી, કદી સજદોય ન કીધો;
ચાદરને લઈ સાથ કો દરબાર જવું છે.

આકાશના સુરજ તને નવ ગજના નમસ્કાર;
અંધારથી આવ્યો છુ ને અંધાર જવું છે.

રુંધાય છે શ્વાસો અને ભીંસાય છે છાતી;
દરવાજો ઉઘાડો કે જરા બ્હાર જવું છે.

બીજું તો કશું મારી ન મુઠ્ઠીમાં સમાશે;
સ્વપ્નાંઓના ટુકડા લઈ બેચાર જવું છે.

વહાલાને જો મળવું છે તો લઘરા નથી રહેવું;
નખશીખ લઈ ઝળહળ થતાં શણગાર જવું છે.

.3.

સુનકારથી સાદ ન આવ્યો;
મને મોર પણ યાદ ન આવ્યો.

મેલીને મરજાદ ન આવ્યો;
આંખોમાં વરસાદ ન આવ્યો.

પરદો તો વેળાસર ઉઘડ્યો;
યાદ મને સંવાદ ન આવ્યો.

કાસદ થઈ આવ્યાં પારેવાં;
પણ અક્ષર એકાદ ન આવ્યો.

સળંગ સુત્રતા શી જળવાઈ !
દુ:ખોમાં અપવાદ ન આવ્યો.

કુરુક્ષેત્ર, સ્વજનો, સ્નેહીઓ;
કેમ મને અવસાદ ન આવ્યો !

કંઠ શુષ્કને કાન ન સરવા;
એક અનાહત નાદ ન આવ્યો.

.4.

હું વારસ નથી કે હું પુર્વજ નથી;
હું માણસ છું બસ, કોઈ દીગ્ગજ નથી.

હતી એવી પાછી લઈ જાઉં છું;
આ ચાદર છે મારો વીજયધ્વજ નથી.

મને કંકુ–થાપામાં રુંધો નહીં;
હું ગોત્રજ નથી કે હું પુર્વજ નથી.

હું જીવી ગયો છું એ પર્યાપ્ત છે;
આ શબ્દો જ છે, મારું કારજ નથી.

કરો સ્હેજ 'હાઉક' કે ચૂંટી ખણો;
ત્વચા મેં ગુમાવી છે, અચરજ નથી.

હૃદયમાં મને સ્થાન આપી શકો;
છું પ્રેમી; તમારી ચરણરજ નથી.

.5.

જેને ઉગવાની ઉતાવળ હોય છે;
તે ઘણે ભાગે તો બાવળ હોય છે.

આજીવન કેદી છું પડછાયાનો હું;
એ સતત આગળ કે પાછળ હોય છે.

માછલી બે આંખમાં તરતી રહે;
ખારાં તોયે તેમાં મૃગજળ હોય છે.

જીવ ક્યાં કૈં હોય છે બંધાયલો ?
શ્વાસ કેવળ કર્ણ–કુંડળ હોય છે.

મોટે ભાગે ક્યાંથી એ સાચી પડે ?
ધારણાઓ મારી અટકળ હોય છે.

કાળજું રેડાયું છે એમાં કહો !
કાવ્ય નહીંતર માત્ર પીંગળ હોય છે.

જ્યાંથી આવ્યો ત્યાં જ પાછો જઈશ હું;
એ જ રસ્તો, એ જ એ સ્થળ હોય છે.

**.6.**

હું મારાથી જાણે વીખુટો પડ્યો,
મેં મુકેલો વીશ્વાસ ટાંચો પડ્યો.

ફકત ચાંચ ચકલીએ મારી હતી;
દીવાલેથી તુટીને ફોટો પડ્યો.

મળ્યો તો મને ગ્રંથ દળદાર પણ;
ફકત એક ફકરો જ ઓછો પડ્યો.

દીવાલો અચાનક કડડભુસ થઈ;
ચલો, ઠીક છે; એક રસ્તો પડ્યો.

હવે પુર આવી શકે આંખમાં;
તમારો આ વર્તારો સાચો પડ્યો !

જવાનો વખત તો થયો, જાઉં છું;
છે મનમાં કે નાહકનો ધક્કો પડ્યો.

.7.

હૃદયનાં ઉર્મીનગરમાં પ્રચંડ ધાડ પડે;
ધસે છે શબ્દ, કવીતામાં રમ્ય ત્રાડ પડે.

ટકોરા થાકી ગયા ને જમીનદોસ્ત થયા;
સહાનુભુતીથી કંપી જઈ કમાડ પડે.

ધરા, ગગન ને નદી સર્વ એકરુપ થયાં;
બગાસું ખાવ જરા સુર્યનો ઉઘાડ પડે.

અડગ મનુષ્ય છે; ભેખડ ઢચુપચુ નીકળી;
હવે જો વાયરો વીંઝાય તો કરાડ પડે.

ખરી પડ્યાં છે બધાં પર્ણ, ડાળીઓ ભોંયે;
કોઈ ન નોંધ એ લેશે હવે જો ઝાડ પડે.

## .8.

પડછાયો કેવો મારો મને છેતરી ગયો,
હું જ્યાંનો ત્યાં રહ્યો અને એ ગુમ થઈ ગયો.

લટકાવી ત્યાં નહોતી કદી મારી મેં છબી,
દીવાલનો એ ભાગ તો ઝાંખો પડી ગયો.

આંસુની ધાર લઈને નદી નીકળી હતી,
એનો પ્રવાહ જોઈને પર્વત ખસી ગયો.

મૃત્યુનો દુત દેહ લઈ ચાલતો થયો,
જોઈ અડગતા આતમાની એ ડરી ગયો.

કાગળ, કલમ ને અક્ષરો સાહેદી પુરશે,
પાગલ હતો એ આદમી, થોડું લખી ગયો.

થોડું ઘણુંયે તેજ પ્રસારી લીધું હતું,
જો કે એ સુર્ય વહેલો ઘણો આથમી ગયો.

## .9.

મેં મારા મનને આકરી શીક્ષા કરી હતી;
કારણ કે એણે મોક્ષની ઈચ્છા કરી હતી.

આવો ન આવો આપ, ફરક કંઈ નહીં પડે;
હું પણ ન જાણું તેમ પ્રતીક્ષા કરી હતી.

બોલાયું'તું તો માત્ર તમારું જ નામ ત્યાં;
લોકોએ મારા નામની ચર્ચા કરી હતી.

અપરાધ જો ગણો તો ફક્ત એટલો જ કે;
સંભવ નહોતો ત્યાં મેં અપેક્ષા કરી હતી.

ખુશ્બુ તમારા શ્વાસની ફેલાઈ'તી સભર;
ફુલોએ માત્ર મ્હોરીને શોભા કરી હતી.

તો પણ મળ્યો નકારમાં ઉત્તર તો શું કરું ?
ઠેકાણું જોઈને જ મેં પૃચ્છા કરી હતી.

દર્શન ન દો તમે તો હું આગ્રહ નહીં કરું;
મેં તો તમારી પ્રાણપ્રતીક્ષા કરી હતી.

.10.

સમુહ આ માણસનો બહુ ડંખીલો છે;
એની પાસે ઈસુ-સમયનો ખીલો છે.

ફુલોની ખુશ્બુનુંયે વીશ્લેષણ કરશે;
માણસ છે તો નરવો, પણ ગંધીલો છે.

વાડ ઉપરનું પંખી તો વીંધાઈ ગયું;
ટહુકા જેવો ટહુકો પણ થોરીલો છે.

પડછાયાની પાછળ પાછળ મીથ્યા દોડે;
માણસ ખુદને માટે પણ વહેમીલો છે.

મૃત્યુ પાસે એ શાનો નમતું જોખે ?
સ્મરણોનો સુબો એનો બહુ લીલો છે.

કાળનો કાળો નાગ હવે ઘેરાયો ચોગમ,
કીડી-કાફલો ક્ષણનો બહુ સંપીલો છે.

***ભગવતીકુમાર શર્મા***

**કવી સંપર્ક:**

ભગવતીકુમાર શર્મા, 32–B પવીત્રા રો હાઉસ, ગેટ નં–2, આનંદ મહેલ રોડ, અડાજણ, સુરત–395 009
ફોન – 0261 2743967

‘સન્ડે ઈ–મહેફીલ’ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર..
– ઉત્તમ ગજ્જર

@@@

# તમે શીખ્યા કે ?

બ્લોગમાં, ફેસબુકમાં, સ્કાઈપમાં, ચેટીંગમાં, મેઈલમાં કે વર્ડમાં આમ જ, કર્સર અહીં જ મુકી, ફટાફટ ગુજરાતીમાં લખતાં તમને ફાવ્યું કે ? જો હજી ક્યાંક બીજે લખી, તેની કૉપી કરી, અહીં પેસ્ટ કરવાની ઝંઝટથી થાક્યા હો તો http://lakhe-gujarat.weebly.com/ ની મુલાકાત લો.

એક્સ્પી પછીની કોઈ પણ વીન્ડોઝ માટેની સઘળી સામગ્રી ત્યાં મુકેલી જ છે. (એપલ–મૅક માટે https://sites.google.com/site/himanshubhai02/ ની મુલાકાત લો.) સુચવ્યા મુજબ કરો ને સ્ક્રીન પર ગુજરાતીમાં લખવા સક્ષમ બનો.. કશી પણ ગુંચ આવે તો અમને મેઈલ લખો.. તમે લખતા ન શીખી જાઓ ત્યાં સુધી અમે તમારી સાથે રહીશું.. uttamgajjar@gmail.com ..Surat..

@@@

**More than 1,78,00,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com/**

**More than 15,67,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com/**

**More than 3,70,000 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com/**

@@@@@@@@@